રેશનકાર્ડમાં નામ ઉમેરવા તથા નવુ બાર કોડેડ રેશનકાર્ડ
વિભાજનથી મેળવવા માટેનું ફોર્મ નમુના નં. ૩ અને ૫
નવેસરથી બહાર પાડવા બાબત.

**ગુજરાત સરકાર**
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૧૦/૧૧૧/ક-૧
૧૪, સરદાર ભવન, ૫-મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૦૯/૨૦૧૨

**વંચાણે લીધો :**

૧. વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૫/૮/૨૦૧૦ નો ઠરાવ.
૨. નાયબ નિયામકશ્રીના તા. ૬/૯/૨૦૧૨ નો પત્ર.

**આમુખ :-**

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક : ૧ ના ઠરાવથી નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવા, રેશનકાર્ડમાં નામ ઉમેરવા, રેશનકાર્ડમાંથી નામ કમી કરવા તેમજ કાર્ડ વિભાજન ધ્વારા નવુ રેશનકાર્ડ મેળવવા માટેના ફોર્મ નમુના નંબર ૨ થી ૫ નકકી કરવામાં આવેલ છે. આ તમામ ફોર્મ પૈકી નમુના નં. ૩ અને ૫ ને સરળ બનાવી આંશિક સુધારા સાથે નવેસરથી ફોર્મ બહાર પાડવા ઉકત સંદર્ભ-૨ થી દરખાસ્ત થયેલ હતી. આમ ફોર્મ નમુના નં. ૩ અને ૫ નવેસરથી બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ફોર્મ નમુના નં. ૩ અને ૫ બહાર પાડવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ચાલુ કૌટુંબિક રેશનકાર્ડમાં નામ ઉમેરવાનું ફોર્મ નં. ૩ આ સાથેના નમુના મુજબ રહેશે.
(૨) ચાલુ કૌટુંબિક રેશનકાર્ડ વિભાજનથી નવુ કૌટુંબિક રેશનકાર્ડ મેળવવાનું ફોર્મ નમુના નં. ૫ આ સાથેના નમુના મુજબ રહેશે.
(૩) ઉપર ૧ અને ૨ ની વિગતે યોગ્ય કાર્યવાહી નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીએ કરવાની રહેશે.
(૪) સદર ફોર્મ નમુના નં. ૩ અને ૫ નો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે. પરંતુ અગાઉના નમુના મુજબ જે કોઈ અરજીઓ હોય તે પડતર અરજીનો નિકાલ તે ફોર્મ મુજબ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(મુકેશ મોદી)**
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

**નકલ જાણ સારૂ રવાના :**

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.